# International Lusophone Festival, Goa (December 03-06, 2022)

## ઈન્ટરનેશનલ લુસોફોન ફેસ્ટિવલ, ગોવા (03-06 ડીસેમ્બર, 2022)

29 નવેમ્બર, 2022

ઈન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રીલેશન્સ (ICCR) અને ગોવા સરકાર સાથે ભાગીદારીમાં વિદેશ મંત્રાલય 03-06 ડીસેમ્બર 2022 નાં રોજ ગોવામાં ઈન્ટરનેશનલ લુસોફોન ફેસ્ટિવલનું આયોજન કરી રહ્યું છે. આ ઉત્સવ પોર્તુગીઝ ભાષા બોલતા વિશ્વ સાથે ભારતને વધારે જોડવાની મહેચ્છા રાખે છે.

ગોવા પોર્તુગીઝ ભાષા બોલતા વિશ્વ સાથે ઐતિહાસિક જોડાણો ધરાવતું આવ્યું છે જેને ઓરિએન્ટ ફાઉન્ડેશન અને કેમોસ ઈન્સ્ટિટ્યુટ જેવા પોર્તુગીઝ સાંસ્કૃતિક સંસ્થાનોની હાજરીથી પોષણ મળતું આવ્યું છે જે ભારતમાં પોર્તુગીઝ ભાષા અને સંસ્કૃતિનો પ્રચાર કરે છે. આ CPLP સભ્ય દેશો સાથે આપણા આર્થિક, સાંસ્કૃતિક સહકાર અને લોકોનાં પરસ્પરનાં જોડાણોને ગહન બનાવે છે.

ગોવાનાં મુખ્ય મંત્રી શ્રી પ્રમોદ સાવંત દ્વારા રાજભવનમાં દરબાર હોલ ખાતે 03 ડીસેમ્બર 2022 નાં રોજ ઈન્ટરનેશનલ લુસોફોન ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. રાજ્ય કક્ષાનાં વિદેશ મંત્રી અને સંસ્કૃતિ માટેનાં રાજ્ય કક્ષાનાં મંત્રી શ્રીમતિ મીનાક્ષી લેખી માનનિય અતિથિ રહેશે.

આ ઉત્સવ ESG સંકુલ, આઝાદ મેદાન, સંસ્કૃતિ ભવન, ઈન્સ્ટિટ્યુટ મેનેઝેસ બ્રાગાન્ઝા અને અન્ય એવા ગોવામાં કેટલાક સ્થળો ખાતે CPLP દેશો માંથી મુલાકાત લઈ રહેલા સાંસ્કૃતિક કલાવૃંદો (અંદાજીત 70 કલાકારો) નાં પર્ફોર્મન્સને સામેલ કરશે. આ ઉત્સવનાં ભાગરૂપે, કલાકારો અને સ્વયંસેવકો માટે લુસોફોન સંગિત પર વર્કશોપ, ઐતિહાસિક રેકોર્ડ્સનાં વિવિધ વર્કશોપ કમ પ્રદર્શનો, અનન્ય ગોવાનાં સ્થાપત્યો, ગોવાની હસ્તકલાઓ અને ગોવાનાં ફર્નિચરનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, લુસોફોન ફૂડ અને સ્પિરિટ્સ ફેસ્ટિવલ પણ ભારત અને પોર્તુગીઝ ભાષા બોલતા વિશ્વ વચ્ચે ખાનપાનનાં વ્યંજનોનાં જોડાણોનું પ્રદર્શન કરશે.

"વૈશ્વિક દક્ષિણ તરફ ભારતની પહોંચ - CPLP સાથે સંગમની ખોજ કરવી" અને "ભારત-લુસોફોન ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણો: ભૂતકાળ અને ભાવિમાં ઝાંખી" થીમ પર ગોળમેજી ચર્ચાઓ માત્ર ભારતનાં પ્રવર્તમાન અને ઐતિહાસિક લુસોફોન જોડાણની ખોજ કરશે એટલું જ નહીં પરંતુ ભાવિ જોડાણો માટે આગળ તરફનાં માર્ગ પર પણ વિચારણા કરશે.

પોર્તુગીઝ ભાષાનાં દેશોનાં સમુદાય (Comunidade dos Países de Língua Portuguesa) જે લુસોફોન કોમનવેલ્થ (Comunidade Lusofona) તરીકે પણ ઓળખાય છે તે લિસ્બનમાં 1લાં CPLP રાષ્ટ્રો અને

સરકારોનાં વડાઓનાં શિખર સંમેલન ખાતે 17 જુલાઈ 1996 નાં રોજ સ્થાપવામાં આવેલું એક બહુપક્ષીય મંચ છે. તેની સ્થાપનાં કરનાર સભ્યો અંગોલા, બ્રાઝિલ, કાબો વેર્ડે, ગુનિયા બિસાઉ, મોઝામ્બિક, પોર્તુગલ અને સાઓ ટોમે અને પ્રિન્સિપે હતા; જ્યારે તિમોર લેસ્તે અને ઈક્વેસ્ટ્રિયલ ગુનિયા બાદમાં જોડાયા હતા. આ 9 લુસોફોન દેશો 4 ભિન્ન ભિન્ન ખંડોમાં (આફ્રિકા, લેટિન અમેરિકા, એશિયા અને યુરોપ) અંદાજીત 300 મિલિયન લોકો સમાવે છે. જુલાઈ 2021 માં ભારત સહાયક અવલોકનકર્તા તરીકે CPLP માં જોડાયો હતો. CPLP સાથે ભારતનાં જોડાણનાં ભાગરૂપે, ભારતનાં વિદેશ મંત્રાલયે CPLP માં જોડાયા બાદ તુરંત જ 05 મે 2022 નાં રોજ દિલ્હીમાં વિશ્વ પોર્તુગીઝ ભાષા દિવસની ઉજવણી કરી હતી. આ ઉત્સવ આ જોડાણ આગળ વધારવાનાં આપણા પ્રયાસો પૈકી પણ છે.

**નવી દિલ્હી**
**29 નવેમ્બર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.